


કાગળપત્રો







રમણલાલ નાનાલાલ શાહ.

બાલ સાહિત્યમાળા-પુસ્તક ૪

કાગળ પંખો

લેખક :

રમણલાલ નાનાલાલ શાહ,

તંત્રી-બાલજીવન

પ્રકાશક :

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રોડ......અમદાવાદ

કિં. ૦-૩-૦

પ્રકાશક :
શંભુલાલ જગશી શાહ.
ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય
ગાંધી રોડ : અમદાવાદ

આવૃત્તિ ૧ લી
સંવત :: ૧૯૮૭

સૂચન

બાળકોને કાગળપત્રો લખતાં થતો સંકોચ દૂર થાય, તેમની નિરીક્ષણ તથા વિચારશક્તિને વેગ મળે, અને સાદી, સરળ, સંસ્કારી ભાષામાં તેઓ નાનપણથી જ લખતાં શીખે એ માર્ગે તેમને લઇ જવા મદદરૂપ નિવડે એ ઉદ્દેશથી આ ચોપડી બાલમિત્રો સમક્ષ રજુ કરવામાં આવે છે. બાલ-સાહિત્યમાં આ દિશામાં હજુ એક બે અપવાદ સિવાય પ્રયાસ થયાનું જાણમાં નથી. કહેવાની જરૂર નથી કે આ કાગળપત્રોનાં નામ ઠામ, તારીખો, વિગતો, વગેરે બાળકોને માર્ગદર્શક થાય એ હેતુથી જ મૂકેલાં છે, અને એ બધાં નામ ઠામ લેખકની કલ્પનાનું પરિણામ છે. કોઇ જીવંત વ્યક્તિ સાથે એ નામ ઠામને સંબંધ નથી.

ર. ના. શાહ

ધી સૂર્યપ્રકાશ પ્રીં. પ્રેસમાં,
મૂળચંદભાઈ ત્રીકમલાલે છાપ્યું.
પાનકોર નાકા :: અમદાવાદ

કાગળપત્રો

[૧]

ચકનીઆ પોળ–બાજવાડા,
વડોદરાઃ તા. ૧–૧૨–૧૯૩૦

સુ૦ બહેન,

આજે હું નિશાળે આવતી હતી; પણ એટલામાં મારાં બાને બહુ જોરથી વીંછી કરડયો. ઘરમાં મારી બહુ જરૂર છે. મારા બાપુજી બહારગામ ગયા છે, એટલે મારાથી આજનો દિવસ નિશાળે આવી શકાશે નહિ. માટે માફ કરશોજી, તથા મારી આજના દિવસની રજા પૂરવા મહેરબાની કરશો.

લિ. આજ્ઞાંકિત
હેમલતા રમણલાલ.

[૨]

સદાશિવ પેઠ, નં. ૧૦૧૩,
પૂનાઃ તા. ૧૨–૫–૧૯૩૨

મુરબ્બી ડાક્ટરકાકા,

મારા મોટા ભાઈની તબીયત કાલે હતી તેવી જ છે. કશો ફેરફાર નથી. રાતના થોડીક ઉંઘ આવી હતી. હવે તાવ નથી. માત્ર અશક્તિ છે, એમ એ લખાવે

છે. માટે આ કાગળ લાવનાર રામા જોડે કાલ વાળી જ દવા. અથવા આપને ઠીક લાગે તે દવા, આપશોજી.

કાલ પરમે જરા હરકૂર થઇ શકશે એટલે મોટા ભાઈ આપને ત્યાં રૂબરૂ આવશે. આપને નવરાશ મળે તો આજ કાલ એક આંટો આ બાજુ મારી જશો તો ઠીક થશે.

લિ. યશવંતના નમસ્કાર.

[૩]

સગરામપુરા–સુરત.
તા. ૨૧–૫–૧૯૩૧,

મુ. દલસુખભાઇ,

વિશેષ લખવાનું કે નીચે મુજબ અનાજ બરાબર રીતે ઝાટકી, સાફ કરી, અમારે ત્યાં મોકલી આપશો. સાથે એનો આંકડો પણ મોકલી આપશો. એ આંકડાની રકમ લેવા આપના માણસને આવતા મહિનાની પાંચમી તારીખે મોકલશો. પાછળનું કાંઇ બાકી નથી તે બાબત ઉપર તમારૂં લક્ષ ખેચું છું.

અનાજની વિગત:

ઘઉં માળવીં, મણ ૩.
ચોખા જીરાસાલ, મણ ૨.
બાજરી, સારી જાતની, મણ ૩.
વાલની દાળ, (દેશી વાલની), મણ ૦ાા
ચણા..................મણ ૧.

ઉપર મુજબ માલ મોકલી આપશો. કાલે મોટા ભાઈ ચાનગી લઇ ગયા ત્યારે જે ભાવ ઠરાવ્યો હતો તે ભાવ ગણવાનો છે.

લિ. આપનો,

જનાર્દન હરસુખલાલ

[૪]

પ્રતાપ ચોક–મહેસાણા,

કારતક શુદી ૫, સં. ૧૯૮૭

પૂ. નાગરદાસકાકા,

તમે મોકલેલી વાર્તાઓની ચોપડીઓ મળી. મને તો તે બહુ જ ગમી. તમે મને આટલો બધો સંભારો છો, તે જાણી મને બહુ જ આનંદ થાય છે. તમારો તે કેટલો ઉપકાર માનવો? મને તો તમે તે દિવસે હલવો આપ્યો હતો કની, તેનાથી પણ આ ચોપડીઓ બહુ ગમે છે.

બાપુજીની બદલી હવે થોડુંકમાં નવસારી થવાની છે. બધાંએ આપની ખબર પૂછાવી છે.

ચિ. કમુબહેનને થોડાક દિવસ અહીં મોકલો તો? દાસકાકા, ભાનુ, રમા, સુમતિકાકી, બધાં મને સંભારે છે ખરાં કે?

નવસારીથી મલાડ નજીક, એટલે મને મોટા ભાઇ તમારે ત્યાં જલદી મોકલશે એમ કહે છે. તમારી બકરી લીલી તેનાં બચ્ચાંકચ્ચાં સાથે મજામાં હશે. હું

આવીશ ત્યારે એને જરૂર તુવરની ડાંખળીઓ ખવડાવીશ. લબલબ લબલબ જીભડી કાઢીને એ ખાય છે એ જોવાની કાંઇ મજા આવે છે! કાંઇ મજા આવે છે!

મારે તો હજુ લખવું છે પણ ટપાલનો વખત થઇ ગયો છે ને બાપુ ઉતાવળ કરે છે. લિ૦

પરંજયનું પગેલાગણું વાંચશો.

[૫]

દહેગામ,

તા. ૨૨-૫-૧૯૩૧

મે. પોસ્ટ માસ્તર સાહેબ, દહેગામ પોસ્ટ ઑફિસ.

નીચે મુજબ ટીકીટો તથા કિવનાઇનનાં પડીકાં મોકલી આપશોજી.

રૂા. ૧-૦-૦ નાં પોસ્ટ કાર્ડ નંગ ૩૨.
રૂા. ૧-૦-૦ ની ૦॥ આનાવાળી ટીકીટો નંગ ૩૨.
રૂા. ૧-૦-૦ નાં ૧ આનાવાળાં પરબીડીયાં નંગ ૧૫.
રૂા. ૧-૦-૦ ની ૧ આનાવાળી ટીકીટ નંગ ૧૬.
(આનાવાળી ટીકીટોની ચોપડી મોકલો તો ઠીક.)
રૂા. ૦-૬-૦ કિવનાઇનનાં પડીકાં, નંગ ૮.

લિ૦

સહેરાં આશાવાળાં.

[૬]

ઊનવાળા ટેરેસ, નં. ૧૬૪,
ગોવાળીયા ટૅન્ક રોડ, મુંબાઈ નં. ૭,
તા. ૧૦-૧૨-૧૯૨૯.

શ્રી. વ્યવસ્થાપક, બાળક, ગોધરા.

વિશેષ આપનું 'બાળક' માસિક આવતા માસથી ૧ વર્ષ માટે મોકલશો. જાન્યુઆરી ૧૯૩૦ ને। અંક વી. પી. કરી મોકલી આપશો. સરનામું નીચે મુજબ કરશો :

અબદુલ્લા હાસમભાઇ

નં. ૧૬૪, ઉનવાળા ટેરેસ, ગોવાલીયા ટૅન્ક રોડ–મુંબાઇ ૭.

વી. પી. આવશે એટલે તરત સ્વીકારી લઇશું.

લિ. સેવક,
મહમદભાઇ અબદુલ્લાની
સલામ

[૭]

રાયપુર, ભાઉની પોળ,
અમદાવાદઃ કારતક શુદી ૭, ૧૯૮૫

મુ. ××××× કાકા.

તમારા આ વખતના દીવાળી અંકની અંદર આઠ પાનાં ઓછાં આવ્યાં છે. પેલી 'ચંપાની વેલ'ની વાત વાંચવા માંડો ત્યાં તો ચટ લઇને બીજી જ હકીકત આવી ઉભી. ××× મામી બહુ ભૂખ્યાં થયાં હતાં ? અંક મોક-

લતાં મોકલતાં આઠ પાનાં ખાઈ ગયાં કે શું ? માટે મને એક સારો નવો બીજો અંક જલદીથી મોકલી આપશો. મારી વાર્તા તમે આ અંકમાં ન લીધી ને ? હવે આવજો. પછી તમારી મજા છે.

અહીં બધાં બહુ મજામાં છે. સારામામાને મેં બે કાગળો લખ્યા; પણ એ એવા આળસુના પાદશાહ છે કે મને જવાબ જ લખતા નથી. હું તો એમને સારામામા કહેવાની જ નથી, ને આળસુમામા, ઓ આળસુ મામા ! એમ કહીને જ બોલાવીશ. તમે આ કાગળ એમને બતાવશો નહિ, હં કે ? બહુ મજા આવશે.

કમળફૂલવાળી છબી મને તો બહુ ન ગમી. જાણે હું કેવીક માંદી હોઉં એમ લાગે છે. હવે નવી છબી પડાવીશું ત્યારે તમને મોકલીશ. 'બાલજીવન'માં વહેલી વહેલી છાપજો.

લિ. બહેન કુસુમકાન્તાનાં વંદન

[૮]

વિલિન્ગ્ડન ક્રેસેન્ટ, જામનગર,
તા. ૧૨-૫-૧૯૩૧

રા. અમથાલાલ ગાંડાલાલ ગાંધી,

વિશેષ લખવાનું કે આજ સવારે હું આપને ત્યાંથી બે રૂપીયાનું ઘી લઈ ગયો હતો. મેં તે જ વખતે આપને ચોકખું કહ્યું હતું કે મને સારામાં સારૂં ઘી જોઈએ છીએ.

ભાજીતાલને માટે મેં આપની સાથે જરાકે રકઝક કરી નહોતી. આપે સારામાં સારૂં ઘી છે, કહીને મને ઘી આપ્યું. ઘેર તેને ઉનું કરતાં જ ખબર પડી કે તે ભેળ-સેળવાળું અને રાશી છે. મારે જમવાનો વખત થઈ જતો હતો તેથી મેં મારે બદલે મારી બેનને ઘી બદલી લાવવા મોકલી. તમે તેને ઘી ન બદલી આપતાં પાછી મોકલી.

આપની આ રીતભાતથી મને બહુ દિલગીરી થાય છે. છોકરાં જાણીને આપને છેતરવાનું મન થતું હોય તો તેમાં આપની ભૂલ થાય છે. મારે નિશાળે જવાનો વખત થાય છે, નહિ તો હું જાતે આવીને વિશેષ ખુલાસો કરત. મેં રકમ પાછી નથી માગી. માત્ર રાશી ઘીને આપે સારૂં છે, કહી મને આપ્યું તે પાછું લઇ સારૂં ઘી આપવા કહેવડાવ્યું હતું. ધંધામાં પ્રમાણિકતા અને ઘરાકને રાજી રાખવાની કળા ન જાળવનાર વેપારી કદી આગળ વધી નથી શકતો એમ અમારા મહેતાજી કહેતા હતા. એમની વાત મને તદ્દન સાચી લાગે છે.

માટે કૃપા કરી આપ જો ઘરાક કાયમને માટે ગુમાવવા ન ઈચ્છતા હો તો તરત જ ઘી બદલી આપશો. જો આપની પાસે હાલ ચોકખું ઘી ન હોય તો એમ કહેજો. અમે બે દિવસ રહીને ચોકખું ઘી લઇ જઈશું. રૂપીઆ ભલે આપને ત્યાં અનામત જમા રહે. પણ આપને ત્યાં ચોકખું ઘી ન હોય માટે અમારે ખરાબ ઘી ખાવું એ તો તદ્દન અવળો ન્યાય કહેવાય. મારા મોટા ભાઇ હંમેશાં તમારે ત્યાંથી જ માલ ખરીદતા. તે હાલ બહારગામ છે,

ને તેથી તેમને બદલે હું માલ લેવા આવું છું. આપ નાનો છોકરો જાણી મને છેતરવા ઇચ્છો છો એમ લાગે છે, પણ આપની એ રીત વ્યાજબી નથી.

હજુ પણ આશા છે કે મારી વ્યાજબી માગણી સ્વીકારી જરૂરી ગોઠવણ કરશો. મારી બહેનને ફરીથી ઘી લઇ આપની દુકાને મોકલી છે.

લિ. આપનો,
કીશોરલાલ વનમાળીદાસ

[૯]

કાંટાવાળા ચાલ-પાયધુની,
મુંબાઇ-નં, તા. ૧૦-૮-૧૯૨૯

શેઠ ગોપાળદાસ બરફીવાળા,

અમારે ત્યાં નીચે મુજબ સામાન જલદીથી આ કાગળ લાવનાર ઘાટી સાથે મોકલી આવશો. મેમાન છે, માટે સારામાં સારો માલ મોકલશો.

શ્રીખંડ, શેર ૫.
દહીં ખાટું શેર ૮.
માવાની બરફી શેર ૫.
માવાની ઘારી શેર ૫.

લિ. આપનો,
રજનીકાન્ત વલ્લભદાસ માળવી.

[૧૦]

જૂના તોપખાના, ઈંદોર,
સં. ૧૯૮૭ ના વૈશાખ વદી ૭.

મુરબ્બી બાપુજી,

આપનો કાગળ આજે મળ્યો. વાંચી બહુ આનંદ થયો. અહીં વનમાળીકાકાને ત્યાં મને ખૂબ મજા પડે છે. કશું અતડું લાગતું નથી. સરલા માશી તો મારી ખૂબ ખૂબ કાળજી રાખે છે. તમે કશી ફિકર કરશો નહિ. મારી તબીયત મઝામાં રહે છે. ઉધરસ તો અહીં આવ્યો તે જ દિવસની મટી ગઈ છે.

અહીં હું દરરોજ વિનુ ને કનુની સાથે ફરવા જાઉં છું. બધું નવું નવું લાગે છે. હાથી ચાલે છે ત્યારે એમની પીઠે ઘંટના રણકારા થાય છે એ સાંભળવાની મજા પડે છે. અહીંનાં માણસો હિંદી પણ બોલે છે ને થોડાં મરાઠી પણ બોલે છે. આપણને તો થોડું થોડું ઈકડં તીકડં બોલતાં પણ આવડવા માંડયું છે. અહીં આપણા દેશ જેટલી બધી જાતની શાક ભાજી મળતી નથી. બાકી હરવા ફરવાની તો ખૂબ મોજ આવે છે.

મુ. બા તથા મોટા ભાઇ મને અહીં વારંવાર સાંભરે છે. આપ પણ સાંભરો છો. સરયુને મારીવતી રમાડજો, ને કહેજો કે ભાઈ આવશે ત્યારે તારે માટે મજાનાં રમકડાં લાવશે.

સૌને મારા પ્રણામ. સરલા માશીએ તમો સર્વની ખબર પૂછાવી છે.

લિ.

છોરૂ દીનેશનું પગે લાગણું વાંચજો.

[૧૧]

ધોળી કુઇ, ભરૂચ,
વિક્રમ સંવતઃ ૧૯૮૭ નો પડવો.

પ્રિય ભાઇ વિક્રમ,

તારૂં નામ પણ વિક્રમ, ને આજે સંવત્સર પણ વીર વિક્રમનો ! આજના રૂડા દિવસે તને આરોગ્ય ને કુશળ ઈચ્છું છું. બજારમાં મળતાં રંગબેરંગી કાર્ડો ને ચિત્રો ઉપર મને મોહ નથી એટલે એવું કશું હું તને મોકલતી નથી. મારી અંતરની આશિષ હું તો આ કાગળથી જ તને મોકલું છું. તું સત્કારશે ને ? સાથેનો કાગળ મુ. બાપુને આપજે.

લિ. તારી બહેન,
જયાના વંદે માતરમ

[૧૨]

માંડવી પાસે–અમરેલી,
લાભ પંચમીઃ ૧૯૮૬.

વહાલી બહેન,

તારો કાગળ મળે ને આનંદ ન થાય એ તો બને જ કેમ ? મને એવાં ચકચકતાં કાર્ડો તો ઘણાં ય આવ્યાં છે, પણ તારા હેતભર્યા સાદા કાગળની તોલે બીજો કયો કાગળ આવે ? બહેન, ખરૂં કહું ? તારો કાગળ મળ્યો ત્યારે એક બાજુ ખુશી થયો ને બીજી બાજુ આંખમાંથી આંસુ પડયાં હતાં. તારા વગર મને આખું ઘર સૂનું સૂનું

લાગે છે. મારા હિસાબ ગણી આપનાર, મને મીઠી મીઠી વાતો કહેનાર, ને મને મીઠાં ગીતો ગાઇ ઉંઘાડી દેનાર મારી જયા બહેન જ્યાં હોય ત્યાં આનંદમાં હસીખુશીથી રહે એવી ભગવાનને પ્રાર્થના છે.

બહેન, હમેશાં કાગળ લખતી રહેજે. બાપુજી પણ તારા વગર ઉદાસ રહે છે. આખું ઘર અમને કરડવા ધાય છે. પરમ દિવસે તારો કાગળ મળ્યો ત્યારે હું રડતો હતો તે બાપુજી જોઈ ગયા. મને કહે કે, ભાઇ, બહેન સાસરે ન જાય તો ક્યાં જાય? તું છોકરો થઇને રડે છે? એમ એ કહેતા હતા, પણ એમનું જ મ્હોં રડવા જેવું થઈ ગયું હતું.

બાપુજીએ ને ઇંદુએ તારી ખબર પૂછાવી છે. ઇંદુ હાલ તો ઘરનું બધું કામકાજ સંભાળે છે. એ બિચારીને પણ તારા વગર જરાકે ગમતું નથી. પણ તું કશી ફિકર કરીશ નહિ. એ તો સૌ થઈ રહેશે.

લિ. તને હરહમેશ યાદ કરનાર,
વિકુના પ્રણામ.

[૧૩]

પરશુરામ વિલા—સયાજી ગંજ,
વડોદરા, બુધવાર.

સુ. તનમનમારશી,

સાહિત્ય સભાના ગરબામાં મારાં મધુ બહેન રહ્યાં હતાં. પણ કાલે એમને સાસરેથી મુંબઈથી ઓચિંતો

તાર આવ્યો કે એમનાં સાસુજી દેશમાં બિમાર છે, ને રાતની મેલમાં મારા બનેવી તેડવા આવશે. એટલે પછી મધુ બહેન ગઈ કાલે રાતના રતલામ ઉપડી ગયાં છે, ને ત્યાંથી આવી શકનાર નથી. તેથી તેઓ ગરબાના કાર્યક્રમમાં ભાગ લઇ શકશે નહિ એવું આપને લખવા મને કહેતાં ગયાં છે. એ માટે મારાં બહેનવતી હું માફી માગું છું.

લિ. આપની

સુશીલાના નમસ્કાર.

[૧૪]

માધાવાવ પાસે—વઢવાણ શહેર,
સં. ૧૯૮૭ના ચૈત્ર શુદી નોમ.

પ્રિય ભાઇ સુરેશ,

તારો કાગળ મળ્યો. એમાં અકળાવા જેવું કશું નથી. ખરો બહાદુર છોકરો તો ભૂલ થાય ત્યાં માફી માગતાં જરાય ન શરમાય. ગુન્હો છૂપાવવામાં શરમાવાનું છે. કબૂલ કરવાથી કદાચ અપજશ વહોરવો પડે, પણ આપણું હૈયું હલકું ફૂલ જેવું થઇ જાય. ભગવાનને ત્યાં આપણે ગુન્હેગાર થતા મટી જઇએ. માટે મારૂં માને તો નીચે મુજબ કાગળ લખી દે. તારી ઈચ્છા હોય તો તેમાં જે ફેરફાર કરવો ઘટે તે કરજે.

અહીં બધાં મજામાં છે. નાતાલની રજાઓમાં જરૂર અહીં આવજે. તું જાણે છે ને કે,

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.

માટે દોસ્ત, જરૂર આવજે. જરા જીવ આનંદમાં રાખ. એમ ચિંતા કરીને સુકો ટાટ ન થઈ જતો!

લિ. સ્નેહાધીન,
પદ્મકાન્તના જય ભારત.

. . . . [કાગળની નકલ.]

દીક્ષિતનો બંગલો,
વીલેપારલે, તા.

શ્રી. તંત્રી, બાલજીવન, વડોદરા.

સવિનય નિવેદન કે આપના × ××× મહિનાના અંકના પાન × ×× ઉપર × × × × નામની જે કવિતા છપાઈ છે, ને જેની તળે મારૂં નામ છપાયલું છે એ કવિતા મારી લખેલી નથી. મેં × × × માસિકમાં એ કવિતા આવેલી તે કાગળ ઉપર ઉતારી લઇ ખોટી રીતે મારૂં નામ તળે લખી આપના ઉપર તે પ્રસિદ્ધ કરવા મોકલી હતી. હું કબૂલ કરૂં છું કે આમ કરવું તદ્દન ગેરવ્યાજબી હતું. પણ મારે કમનસીબે એ ભૂલ મારાથી થઈ ગઇ છે. હું આપની તે માટે અંતઃકરણપૂર્વક ક્ષમા ઈચ્છું છું. ભવિષ્યમાં કોઇ વાર હવેથી નામનો એવો ખોટો મોહ રાખીશ નહિ.

આપના તરફથી તથા તે કવિતાના મૂળ લેખક તરફથી મને આટલી વખત ક્ષમા મળશે એમ ઇચ્છું છું.

લિ. સુરેશ દીનમણિશંકરના
વંદે માતરમ્.

[૧૫]

રવીવાર—સાંજના ૪–૦

પ્રિય ભાઈ ભાનુપ્રસાદ,

આપની સાથે હું તથા બહેન મનોરમા આજે સરકસ જોવા ૫ વાગતાં જરૂર આવનાર હતાં. પણ હાલ જ તાર આવ્યો છે કે પાંચની ફાસ્ટમાં મુંબાઈથી મારા બાપુજી અહીં આવનાર છે. સાથે મેમાન પણ છે. એટલે હું બહુ દિલગીર છું કે મારાથી અથવા મારી બહેનથી આજે સરકસ જોવા જવા આવી શકાશે નહિ. આશા છે કે તમે માફ કરશો.

તમે જોઇ આવશો તેની વાતો સાંભળીને જ આ વેળા તો અમે સંતોષ માનીશું.

લિ.

જ્યોતીન્દ્રના સ્નેહ વંદન.

[૧૬]

લુનશીકુઇ—નવસારી,
તા. ૧૨–૭–૧૯૨૯.

ઇનામમાળાના જવાબ

નામ: મીનોચહેર રૂસ્તમજી લાકડાંવાળા,
ઉંમર વર્ષ ૧૧; અભ્યાસ, અંગ્રેજી ત્રીજી,
સરનામું ઉપર મુજબ.

જવાબ:—'બાલજીવન' જુલાઇ ૧૯૨૯ ના અંકમાં સૌથી વધુ સારી વાત 'બહાદુર બાપ્પા'ની છે.

લિ. **મીનોચહેર રૂસ્તમજી.**

રવાના: શ્રી જશભાઇ અમીન,
વ્યવસ્થાપક—ઇનામમાળા વિભાગ,
બાલજીવન કાર્યાલય—બાજવાડા—વડોદરા.

[૧૭]

રાજા મહેતાની પોળ,

અમદાવાદ, તા. ૧૨-૧૦-૧૯૩૦.

પૂ. શાંતિલાલકાકા,

આપનો કાગળ મળ્યો હતો. મારા બાપુજી હાલ નરોડા ગયા છે. હું સ્ટેશન ઉપર જવાનો હતો. ગુલાબ ભાભી કનુ ને મનુની સાથે સિદ્ધપુર જાય છે એટલે તેમને અમદાવાદ સ્ટેશને ગાડી બદલતી વખત તકલીફ ન પડે માટે મારા બાપુજી અમદાવાદમાં હોત તો જરૂર સ્ટેશને જાત.

પણ એ નથી એટલે હું મારી પાડોશમાં હરિલાલ કાકા રહે છે તેમને લઇ ગાડીની વખતે સવારે સાડા સાત વાગે બુધવારે અમદાવાદ સ્ટેશને જઇશ. ગુલાબ ભાભીને મને ઓળખતાં અડચણ ન નડે માટે હું પ્લૅટફૉર્મ ઉપર વ્હીલર કંપનીનો બૂકસ્ટૉલ છે તેની પાસે જ ઉભેલો હોઇશ. ખાદીનું પહેરણ, ખાદીની ચડ્ડી ને માથે ધોળી ટોપી, એ મુજબનો મારો પોશાક હશે. એ મુજબની એમને બધાણી આપશો.

મારી બા, તથા તનમન વગેરે સૌ મજામાં છે. તમે દીવાળી ઉપર અહીં આવો ત્યારે મારે માટે એક સરસ ફૂટબૉલ લેતા આવશો.

લિ. રામદયાળનું પગેલાગણું વાંચશોજી.

[૧૮]

સ્ટેશન રોડ—લોનાવલા,
બુધવાર, સં. ૧૯૮૬ ના આસો સુદી ૧૩.

વહાલી બહેન નિર્મળા,

તું તો મારી બાઈ, ખરેખરી ટેકીલી, હો ! તને તે ટેકીલી કહેવી કે જકીલી ? જકીલી કહું ? ખોટું તો નહિ લાગે ને ? મને અહીં આવ્યે આજ સોળ દહાડા થયા પણ તારો કાગળપત્ર કાંઈએ ન મળે. તું મને કહેતી હતી કે પહેલો પહોંચ્યાનો કાગળ હું લખીશ તો તું જવાબ લખીશ. અને મેં પહોંચ્યાનો કાગળ ન લખ્યો એટલે તું મોટી ટેકવાળી ખરી ને, તે તેં કાગળ ન લખ્યો. આવું જ તારૂં હેત ને ? જા મારી બહેન !

પણ તું કદાચ પૂછીશ કે મેં કાગળ કેમ ન લખ્યો ? હું સુરતથી નીકળી તેજ દિવસે મને શરદી થઇ હતી. પછી ગાડીમાં તો ખાંસી ને શરદી બંનેનું જોર વધી જ ગયું. અહીં લોનાવલા આવી ત્યારે તો આખું અંગ કળી પડે. મને તો લગભગ ઇન્ફલ્યુએન્ઝા જેવું થઇ ગયું. આવ્યાં હવા ખાવા ને મારે તો લવજી કાકાની કડવી ઝેર જેવી દવા આ પંદર દહાડા પીવી પડી. પથારીમાંથી ઉઠાય જ નહિ. પછી તું જ કહે ને, કે તને કાગળ તે શી રીતે લખું ? હું તો રોજ તારા કાગળની રાહ જોતી હતી. પણ તું તો ભારે ટેકીલી ! તને તે શું કહેવું ?

હવે મને આરામ થઇ ગયો છે. અહીં આજુબાજુ

જ્યાં જ્યાં નજર ફેંકીએ ત્યાં પડછંદ જેવા ડુંગરા ને ડુંગરા. લાલી લીલી હરિયાળીથી મઢેલા. અને હવા તો શું ઠંડી ને મજાની! ખરે બપોરે પણ ઠંડે પાણીએ નહાતાં કંટાળો આવે છે.

કાલે રાતના મોડા સુધી ઉંઘ ન આવી. જરા ગચ્છીમાં જઇને આજુબાજુ નજર કરૂં છું તો શું મજાનો દેખાવ! ચાંદામામાએ ચારે કોર જાણે દૂધના દરિયા રેલી દીધેલા! ડુંગરા ને ખીણો તેમાં બધી નહાઇ રહેલી. ચારે બાજુ એવી તો મજાની શાંતિ જામેલી! વચમાં વચમાં આગગાડીની કોઇક મેલ કે ભારખાનાની ગાડીની ચીચીયારીઓ એ શાંતિનો ભંગ કરે. મને તો એવો આનંદ થયો કે, ખરેખરો! ત્યાં આપણી બાજુ આ રૂતુમાં ઉકળાટથી અકળાઇ જઈએ, ત્યારે અહીં તો ગરમ ગરમ ધાબળામાં શરીર સંકેલ્યા વગર ઉંઘ જ ન આવે. લે ત્યારે, હવે તો કાગળ લખીશ ને?

લિ. તારી વિમુનાં વંદન

[૧૯]

શ્રીમાળી શેરી, ગોધરા,
સં. ૧૯૮૭ ના કારતક સુદી ૫.

સુરબ્બી ગિજુભાઈ,

અમે હાથનું લખેલું એક માસિક શરૂ કરવાના છીએ. અમારા શહેરના છોકરાઓએ ભેગા મળીને આ

કામ ઉપાડયું છે. એનું નામ પાડયું છે: “સર્વભદ્ર.” એ માસિક માટે મેં ‘કુમાર’વાળા રવિભાઈને કાગળ લખી તેમની સૂચનાઓ મંગાવેલી તે આવી ગઈ છે.

અમે અહીંથી મિત્રમંડળમાંથી અને બીજાઓ પાસેથી લેખો મેળવીને એકઠા કર્યા છે. પરંતુ મારી ખાસ ઇચ્છા છે કે એ માસિકમાં પહેલો જ લેખ આપનો આવે. આપને બાળકો બહુ વહાલાં છે. અમારે માટે આપ ખૂબ મહેનત ઉઠાવો છો. તો મારા ગામના કીશોર મિત્રોવતી હું આપને આજે એક લેખ માટે આગ્રહપૂર્વક વિનંતિ કરૂં છું તે નિષ્ફળ નહિ જાય એવી આશા છે. સુરતથી મુ. જ્યોત્સ્ના બહેન, મુંબાઇથી કવિ લલિતજી, ચોરવાડથી રાયચુરાજી, અને આણંદથી વિમળા તથા શાંતાબહેન વગેરેના લેખો તો મળી ગયા છે. આપ જલદી લેખ મોકલી આપી અમારા પ્રયાસને ઉત્તેજન આપશો એવી આશા છે.

અમારી અહીંની સાહિત્ય સભાના મંત્રીને મેં મારા મિત્રોવતી ભલામણ કરી મુ. મેઘાણી તથા આપનાં ભાષણોનો એકાદ જલસો ગોઠવવા વિનંતિ કરી છે. શ્રી. ભીખાભાઇએ એ બાબતમાં પ્રયત્ન કરવા હા પાડી છે. આપને રૂબરૂ મળવા અમે બધાં બહુ આતુર છીએ.

લિ. આપનો કમળાકાન્ત

[૨૦]

જગન્નાથપુરીઃ અષાડ શુદી ૬
સં. ૧૯૮૫

પ્રિય શૈલેન્દ્ર,

જાત્રા જવા નીકળ્યો ત્યારે મેં તને જૂદી જૂદી જગાનું ટુંકું વર્ણન લખી મોકલવાની કબૂલાત આપી હતી. એ મુજબ જગન્નાથજીનું વર્ણન આજે લખી મોકલું છું. અહીંથી અમે કાશી જવાનાં છીએ.

જગન્નાથજીનું ધામ બહુ પુરાતન ને પવિત્ર ગણાય છે. અહીં દરિયા કાંઠે ગામ વસ્યું છે. દરિયો એટલે આપણી મુંબાઇની ચોપાટી જેવો નહિ, પણ ઘુઘવાતો વિશાળ દરિયો. અમે પરમ દિવસે દરિયે નહાવા ગયાં હતાં. રેતીમાં પગ તો ઓય કરતા સરકી જાય. બરાબર સંભાળીએ નહિ તો પાણીમાં ઘસડાઇ પણ જવાય.

અહીં ખાસ મજા તો એ થઇ કે અમે બરાબર અષાડી બીજને દિવસે રથયાત્રાના મેળા વખતે હતાં. ગાડીઓમાં ઉતારૂઓની ગરદી અને અહીં કીડીયારાની જેમ ઉભરાતા લોકોની તો તને શી વાત કરૂં ? એ તો નજરે જોયા ને અનુભવ્યા વગર જરાય સમજ પડે એમ નથી.

જગન્નાથજીનું મંદિર બહુ વિશાળ ને જૂનું છે. આશરે ૭૦૦ વર્ષ ઉપર અહીંના રાજા ભીમદેવે એ બંધાવેલું છે. કહેવાય છે કે કાળીચરણ નામના એક

વિદ્વાન બંગાળી બ્રાહ્મણ જુવાન ઉપર બંગાળાના સુબેદારની એકપુરી મુસલમાન કન્યા મોહી પડી હતી. પરિણામે કાળીચરણ મુસલમાન બન્યો ને ઇતિહાસમાં કાળા પહાડને નામે પ્રસિદ્ધ થયો છે. એણે અહીં બહુ કતલ ચલાવેલી અને પુરાતન મંદિરનો નાશ કર્યો હતો. તે પછીથી આ મંદિર બંધાયલું હોવું જોઇએ.

ડાકોરના રણછોડરાયજીના મંદિરને છે એમ અહીં મંદિરની ચારે બાજુ ઉંચો ઉંચો કોટ છે. એ કોટની ચારે દિશાએ ચાર દરવાજા છે. સૌથી મોટા દરવાજાને સિંહદ્વાર કહે છે. એ દરવાજા ઉપર બે વિશાળ સિંહોની મૂર્તિઓ છે. રથયાત્રાને દહાડે જગન્નાથજીની સ્વારી આ બારણામાંથી જ દર વર્ષે નીકળે છે.

જગન્નાથજીનો રથ ખૂબ મોટો હોય છે. જાણે મોટું ઘર જોઈ લો. એ ૪૫ ફીટ ઉંચો છે ને ૩૫ ફીટ પહોળો છે. એ ઉપરથી જ એ કેવડો જબરો હશે તેની તને કલ્પના આવશે. તળે ૧૬ મોટાં પૈડાં છે, ને તે વતી સેંકડો લોકો રથ ચલાવે છે. એ મુખ્ય રથની પાછળ બીજા બે રથ હોય છે. એકમાં બળરામજીની મૂર્તિ બિરાજે છે. બીજામાં કૃષ્ણ–બળરામનાં બહેન સુભદ્રાની મૂર્તિ પધરાવે છે. રથને મોટાં જાડાં દોરડાં બાંધેલાં હોય છે. લોકો એ દોરડાં ખેંચીને રથને ચલાવે છે. રથ બહાર નીકળે ત્યારે ચારે બાજુ ભીડ તો એટલી બધી થાય છે કે પડે એના કકડા. બહુ પહેલાંના વખતમાં તો કહે છે કે અહીં પૈડાતળે કચરાઇને મરી જવામાં કેટલાક અંધશ્રદ્ધાળુ લોકો પુણ્ય માનતા હતા. હવે સરકારી

બંદોબસ્ત પણ સારો હોય છે ને આવી રીતે ભગવાને આપેલો દેહ કોઈ તજી શકતું નથી.

મંદિરની દક્ષિણ દિશામાં હનુમાનજીની મોટી મૂર્તિ છે. આપણાથી ૩ ગણી મોટી–આશરે ૧૪ ફીટ ઉંચી છે. તે પત્થરની બનેલી છે.

જગન્નાથજી એટલે ભગવાન શ્રી કૃષ્ણ. તેમની, બળરામની તથા સુભદ્રાજીની મૂર્તિઓ લાકડાંની છે. આપણા દેશમાં પહેલાં લાકડાની મૂર્તિઓ બનાવવાનો રિવાજ હતો તેની આ મૂર્તિઓ સાક્ષી પૂરે છે.

ભગવાન કૃષ્ણચંદ્ર ને બળદેવજી ગોકુળમાં રહ્યા રહ્યા આનંદ કરતા હતા એ તેમના મામા કંસથી સહન ન થયું. એણે એમને મારી નાખવાના ઇરાદે દૂત મોકલી મથુરાં બોલાવ્યાં. એ વેળા કૃષ્ણ ભગવાન તો જાણતા જ હતા કે કંસનું હવે આવી જ બન્યું છે. એ વેળાની સ્વારી એ જ રથયાત્રા. આપણી બાજુનાં મંદિરોમાં તે જેમ ઉજવાય છે તેમ અહીં પણ ઉજવાય છે.

જગન્નાથજીની મૂર્તિ તથા બળરામજી ને સુભદ્રાની મૂર્તિઓ બધી અપૂર્ણ છે. ‘મૂર્તિઓ બહુ પુરાતન છે. હાલના મંદિરની અગાઉ એ મૂર્તિઓ હતી એમ કહેવાય છે. કૃષ્ણ ને બળરામની મૂર્તિઓને તો અધુરા હાથ પણ છે. પણ સુભદ્રાજીની મૂર્તિને તો હાથ જરા ય નથી.

આ મૂર્તિઓ અધુરી કેમ ? એને માટે સરસ દંતકથાઓ છે. કહે છે કે દરિયાકિનારે એક વેળા એક મોટું લીમડાનું લાકડું તણાતું આવ્યું. એની મૂર્તિઓ બનાવવાનું

અહીંના તે વેળાના રાજાને સ્વપ્ન આવ્યું. રાજા કોઇ કારીગરની શોધમાં હતો ત્યાં એને એવો જ એક કુશળ કારીગર હાથ લાગી ગયો. એ કારીગર બીજો કોઇ જ નહિ પણ સાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાન પોતે જાતેજ કારીગરનો વેશ લઇને આવેલા. લાકડું લઈને તેઓ એક ઓરડામાં પેઠા. એમણે ખાસ તાકીદ કરી કે કોઈએ પણ ત્રણ અઠવાડીયા સુધી અંદર આવવું નહિ. જો આવશો તો હું કામ નહિ કરૂં. રાજાએ હા પાડી. પણ એની રાણી જબરી ચટપટીયણ હતી. એણે તો એ કામ જોવાની જક લીધી. પૂરો વખત થયો એ આગાઉ જ રાણી અંદર પેઠી. ભગવાન ચાલ્યા ગયા. મૂર્તિઓ અધુરી રહી. આજે પણ તે એવી જ છે. એમાં ખરૂં કેટલું ને ખોટું કેટલું તે તો ઇશ્વર જાણે.

અહીં જૂદાં જૂદાં તીર્થોમાં જૂદા જૂદા રિવાજ હોય છે. મથુરાજીમાં આપણે બજારમાંથી મીઠાઇવાળાને ત્યાંથી પુરી શાક વગેરે પાણીનુ રાંધેલું અનાજ વેચાતું લઇને ખાઇએ તેમાં જરાકે વટાળ નથી ગણાતો. ચુસ્ત વૈષ્ણવો પણ એ રીતે ખાઈ શકે છે. જમનાજીને પવિત્ર માન્યાં છે ને તેમના જળથી રસોઇ થાય એમાં એંઠાજુઠાનો બાધ નથી ગણાતો. અહીં જગન્નાથજીમાં તો વળી તેથી પણ એક ડગલું આગળ વધેલા છે અહીં તો જગન્નાથજીનો પ્રસાદ વાણીયા, બ્રાહ્મણ, નાગર, લવાણા, પાટીદાર, બધા એકી પંગતે એકી વખતે બેસીને ખાય છે, ને તેમાં નાતજાતનો જરાકે બાધ નડતો નથી. કાંઈક પ્રીતિભોજન

જેવું! જગન્નાથજીને ધરાવેલો રાંધેલો ભાત સુકવી તેના દાણા જાત્રાળુઓ પોતાની સાથે પોતાને દેશ લઇ જાય છે, ને તેને પ્રસાદ તરીકે બધાને વહેંચે છે.

જગન્નાથજીની એક છબી આ સાથે મોકલું છું. નીનુ, લીલી, મોટા કાકા, સૌને મારા જય શ્રી કૃષ્ણ કહેજે.

લિ. તારા

દીનેશના જય ભારત.

[૨૧]

શ્રી સૂર્યપ્રકાશ બાલ પુસ્તકાલય,
ભાદેવાણી શેરી–ભાવનગર, તા. ૧–૧૧–૧૯૩૦.

શ્રી. વ્યવસ્થાપક.
શ્રી ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય,
ગાંધી રોડ–**અમદાવાદ.**

શ્રી. મહાશય,

સવિનય જણાવવાનું કે અમારા પુસ્તકાલય માટે નીચે મુજબની ચોપડીઓની જરૂર છે. તો તે મોકલી આપશો, તથા સામટો ઑર્ડર છે એટલે તેની કિંમત ઉપર વ્યાજબી કમીશન કાપી આપશો. ચોપડીઓ પૅસેન્જર ટ્રેનમાં પાર્સલ કરી મોકલશો. રસીદ વી. પી. કરી મને ઉપરના સરનામે મોકલી આપશો એટલે તે સ્વીકારી લઇશ. પાર્સલ ભાવનગર સ્ટેશને રવાના કરશો.

મગાવેલી ચોપડીઓમાંની જો કોઈ ન હોય તો તે ન મોકલશો અને જેટલી હોય તેટલી મોકલશો.

લિ. આપનો

હરીલાલ લલ્લુભાઇ પરીખ,

મંત્રી.

* યાદી આ સાથે જૂદા કાગળ ઉપર લખીને મોકલી છે.

[૨૨]

જળ તરંગ–ખંબાલા હિલ,
મુંબઇ. તા. ૧૨–૧૦–૧૯૨૯.

વહાલી નરગીસ,

કાલે તારે ત્યાંથી હુ ગુસ્સે થઇને ચાલી ગયો તે પછી મને બહુ જ પસ્તાવો થયો છે. બાજી રમવામાં તારો દાવ હતો છતાં મેં વાંકુ બોલી ચીડાઇને બાજી ફેંકી દીધી ને તારી ઉપર નાહકનો ગુસ્સે થયો તેથી મને બહુ દુઃખ થાય છે. હું રાતના ઘેર આવ્યો પછી મને ખાવાનું પણ ભાવ્યું નહિ. મમ્મા મને પટાવીને પૂછવા લાગ્યા કે શું છે? પણ હું કાંઈ કહી ન શકયો ને મેં રડી દીધું. પછી તો હું સુઈ ગયો.

આજે તારી રૂબરૂ આવી, ગઈ કાલની મારી ઉતાવળી રીતભાતને માટે ને તને રંજાડવા માટે તારી માફી માગવા બહુ મન થાય છે. પણ તું ગુસ્સે થઈ હશે ને મને માફ કરે કે નહિ તેની મને સમજ પડતી નથી. તને કાલે રડતી જોઇ મને ઘણી જ દીલગીરી થઇ છે. આજે

પણ તારે ત્યાં રમવા આવવા મને ઘણું મન થાય છે, પણ તારી રજા વગર આવી શકાતું નથી. તું મને માફ કરશે ? આ કાગળ લાવનાર છોકરાની સાથે જવાબ લખજે.

અમારા બાગમાં આજે જ બુધીયાએ મજેનાં તાજાં ચીકુ ઉતાર્યા છે. એ ચીકુ તથા પપૈયાની થોડીક સાખો આ સાથે મોકલું છું.

તારી માફી ચાહતો,
દુવાગીર ભાઇ લવજી

[૨૩]

આલાં મૅન્શન્સ–બાણગંગા,
વાલકેશ્વર–મુંબઇ, તા. ૧૨–૧૦–૨૯.

વ્હાલા ભાઇ લવજી,

તું જબરૂં એરંડીયું છે જો! એમ 'છોકરી' શાનો થઇ જાય છે ? હું તો કાલની વાત પણ ભૂલી ગઇ છું. એવી તકરાર તે કાંઇ યાદ રાખવાની હોય કે ? એ તો બાજીનું કામ જ એવું. રમતાં રમતાં વઢી પડયાં તે શું થઇ ગયું ? બુઢ્ઢાં માયજી કહે તેમ બે ભાણાં સાથે હોય તો ખખડે પણ ખરાં. માટે તું કાંઇ મનમાં લાવતો નહિ. મને તારા પર કાલે પણ ગુસ્સો નહોતો ચડયો, ને આજે પણ નથી ચડયો. હું તો તારી રાહ જોતી હતી કે કયારે લવજી આવે ને રમવા નીકળી પડીએ. માટે તરત જ આવજે, ને એમ ઘરણ જેવું ડાચું નહિ રાખતો જો.

આટલાં બધાં ચીકુ ને પપૈયા શું કરવા છે? પણ કાંઇ નહિ. તું આવ. આપણે નાની સરખી મીજબાની ગોઠવશું ને પછી રમીશું.

લિ.

નરગીસની દુવા સલામ.

[૨૪]

ચારિત્ર્ય મંદિર–ભૂતડી ઝાંપા,
વડોદરા : આસો શુદી ૧૧, સં. ૧૯૮૬.

પ્રિય ભાઈ નલીન,

અમારી છ માસિક પરીક્ષાઓ હવે નજીકમાં છે. હાલ વાંચવાનું વધારે છે. દીવાળી અગાઉ તો હું સાંડાસાલ આવતો રહીશ. પછી આપણે હરવા ફરવાની ખૂબ મજા પડશે. આપણે વાતોચીતો પણ ખૂબ કરીશું. વડોદરાની ઘણી બધી જાણવા જેવી વાતો હું તને રૂબરૂ કહીશ. પરીક્ષાનો વખત, એટલે કાગળમાં તે કેટલું લખાય? છતાં દશેરાની સ્વારીની થોડી વિગત મને જેવી યાદ રહી તેવી આ કાગળમાં લખું છું.

દશેરાની સ્વારી વડોદરામાં બહુ ભારે ધામધુમથી નીકળે છે. પણ આ વર્ષે એની બરાબર ખબર ગામડાંના લોકોને પડી નથી, કારણ ગામડાંના માણસો બહુ નહોતાં આવ્યાં. ગણપતિ વિસર્જનની સ્વારી વેળાએ તથા તાબુતની સ્વારી વેળાએ ગામડાંનાં બહુ માણસો વડોદરામાં આવે છે.

સ્વારી જોવા હું મારા એક ભાઈબંધની સાથે ન્યાયમંદિર નજીક રાજમહેલ રસ્તે એક સાઇકલની દુકાનમાં ગયેલો હતો. આજુબાજુ લોકોની ખીચોખીચ ગરદી હતી. આખું ન્યાયમંદિર, તેની પગથી (ફૂટપાથ), સામેનો વિશ્રામબાગ, ને બંને બાજુના ફૂટપાથ માણસોની મેદનીથી ચીકાર થઇ ગયા હતા. અરે, છાપરે, છજ્જે, બારીએ, ને છેવટે ઝાડ ઉપર પણ માણસો જોવાને બેસી ગયાં હતાં.

બરાબર પાંચ વાગ્યા ને તોપ પડી. સ્વારી ઉપડી. રાજમહેલ આગળથી સ્વારી ગોઠવાતી જાય છે તે ઠેઠ પાંજરાપોળ (ખંડેરાવ મારકીટ)ની પૂર્વ બાજુના રસ્તા સુધી પહોંચે છે. આ ઉપરથી સ્વારી કેવડી લાંબી હશે તે તું સમજી શકીશ.

થોડીક વારમાં તો અમે બેઠા હતા ત્યાં સ્વારી આવી પહોંચી. સૌથી આગળ ઘોડેસ્વાર ટુકડીનું બૅન્ડ મધુર અવાજે ઘોડા પર વાજાં વગાડતું ચાલતું હતું. તેમનો દબદબાભર્યો પોશાક અને યૂરોપી પદ્ધતિનું લશ્કરી કૂચકદમનું સંગીત બહુ ભવ્ય લાગતું હતું. બૅન્ડની ટુકડી પછી ઘોડેસ્વાર લશ્કર ચાર ચારની હારમાં ચાલતું હતું. તેમના મોખરે લશ્કરી સેનાપતિ કર્નલ નાના સાહેબ શિંદે લશ્કરી પોશાકમાં ઘોડેસ્વાર બનીને ચાલતા હતા. આવડા મોટા ઓગેવાન દેશી રાજ્યના સેનાપતિ તરીકે એક દેશી માણસને જોઇ મારા જેવા વિચારના માણસને તો બહુ જ સંતોષ થયો. મારા વિચારો તું જાણે છે.

લશ્કરી ઘોડેસ્વાર ટુકડીઓ આવી ગયા પછી બૉડી-ગાર્ડની ટુકડી આવી. આ સિપાઇઓ બહુ જ મજબૂત હોય છે. વળી તેમનો પોશાક પણ ઘણો મોંઘો ને દબ-દબાભર્યો હોય છે. છાતી ઉપર લાલ ભૂમિકા ઉપર પીળા રંગના આડા પટ્ટાના શણગારથી આ ઘોડેસ્વાર ટુકડીનાં માણસો બહુ જ કદાવર ને દબદબાવાળાં જણાતાં હતાં.

બૉડીગાર્ડની ટુકડી પછી સોના રૂપાની તોપો આવી. પહેલાં સોનાની તોપ. તેની આખી ગાડી ચમકતી ચાંદીના પતરે મઢેલી. તોપ નર્યા સોનાની છે. હાંકનાર તથા બળદના ઉપરનાં જરીકામવાળાં મોઘાં દાટ કપડાં તો જાણે આપણે ઘડીભર જોયા જ કરીએ. પાછળની તોપ રૂપાની. એની ગાડી પીત્તળના પતરે મઢેલી ને તોપ નરદમ રૂપાની. પતરાં પૉલીશ કરી કરીને લીસાં ને ચળકતાં તો એવાં બનાવેલાં કે સૂર્યના તેજથી બધું ઝગમગ થઇ રહે.

તોપો પછી ખાસા ઘોડા આવ્યા. રૂપાના સાજ સાથેના એ પાંચ ઘોડા પૂજા કરવાના જ કામના. એના ઉપર કોઇ બેસતું નથી. બહુ મજાના ઘોડા છે.

પછી આવ્યું પાયદળ લશ્કર. ટુકડીઓ પછી ટુક-ડીઓ આવ્યે જ જાય. દરેક ટુકડીને મોખરે સુંદર સરોદથી વાજાં વાગે ને બધું દમામદાર લાગે.

પછી આવ્યા હાથીઓ. ત્રણ હાથીઓ ઉપર રાજ-કુટુંબના માણસો તથા રાજ્યના મોટા અમલદારો બેઠેલા. પછી દિવાનનો હાથી આવ્યો. વિલાયતી ફેશનની અગી ઘાટની એમની અંબાડી આકર્ષક હતી. તે પછી

બીજા ત્રણ હાથી ઉપર અમલદારો બેઠેલા હતા. પછી એક દેશી પદ્ધતિની ઘોડેસ્વાર લશ્કરી ટુકડી ને પાયદળની પટલણ આવી. તેની પાછળ મોટા હાથી ઉપર રાજબાળકો બેઠેલાં. તેની પાછળ થોડાં માણસો ને પછી સ્વારીનો મુખ્ય હાથી આવ્યો. સોનાની અંબાડીમાં શ્રી. ધૈર્યશીલરાવ બેઠેલા હતા. આ હાથીની અંબાડી, ને એના ઉપરનાં વસ્ત્રો, છત્ર ચામર વગેરે ઢાળનારાઓનાં મોંઘાદાટ કીનખાબનાં વસ્ત્રો વગેરે ખૂબ ઝમકદાર લાગતું હતું. હાથીની આગળ ઘોડેસ્વાર બની રાજબારોટ ચાલે, અને છડીદારો નેકી પોકારે.

હાથીની પાછળ આસામદાર, દરકદાર વગેરે ઘોડેસ્વાર બનીને ચાલતા હતા. તેની પાછળ ઘોડેસ્વાર લશ્કરની ટુકડી આવી ને પછી સ્વારી ખલાસ થઈ.

સ્વારીમાં હાથી ઉપર ડંકા હોય છે. ઊંટને પણ શણગારીને સ્વારીમાં લાવે છે. લબલબ થતા હોઠ સાથે એમની વાંકી ડોકી લબડાવતા એ ચાલે ત્યારે જોવાની ભારે મજા પડે.

સ્વારી સુરસાગર બાજુ થઇ, જુબીલી બાગ, રાવપુરા, કોઠી, ઇસ્પિતાલ વગેરે ઠેકાણે થઈ કૉલેજના મેદાનમાં પૂજન માટે ગઇ હતી. વડોદરા કૅમ્પમાં રેસીડેન્ટ રહે છે તે પણ તેમના કુટુંબ સાથે સ્વારી જોવા આવેલા હતા ને તેમના તંબુ ઇસ્પિતાલ નજીક તાણ્યા હતા.

સ્વારી પૂજન કરી રાતના આઠ વાગે કોઠીને ટૂંકે રસ્તે ધામધૂમથી પાછી રાજમહેલમાં ગઇ હતી. રસ્તામાં દારૂખાનું ફૂટે છે. પછી દશેરાનો દરબાર રાતના ભરાયા પછી બધું વિસર્જન થાય છે.

તારા મુ. બાપુને તથા બાને મારાં પગેલાગણુ કહેજે, ને ખબર આપજે કે, હું વદ પાંચમાં કે છઠના અરસામાં સાંડાસાલ આવીશ.

કનુ, મનુ, ઇંદીરા, હસમુખ, જ્યોતિ, તળજાભાઈ, બધાને મારી વતી બોલાવજે.

લિ. તને હંમેશ યાદ કરનાર,
સુમનના વંદે માતરમ.

[૨૫]

સીસોદરા

રેંટીયા બારશઃ સં. ૧૯૮૫.

પૂજ્ય બાપુજી,

આજે આપનો જન્મ દિવસ છે. વળી આજે આપને સાઠમું વરસ બેસે છે એટલે આપનો મણિમહોત્સવ આખા દેશમાં ઠેરઠેર ઉજવાય છે. એ શુભ પ્રસંગે અમારા સીસોદરા ગામની બાલસેનાના તમામ બાલમિત્રોની વતી આપને પરમ દયાળુ પરમાત્મા હજુ ઘણું લાંબુ

આયુષ્ય આપે અને હિંદુસ્તાનને તથા જગત્‌ને આપની અનેક અણમૂલી સેવાનો લાભ મળે એવી પ્રાર્થના કરૂં છું.

હું જાણું છું કે આપશ્રી અમ બાળકોના સાચા મિત્ર છો. આપને બાળકો બહુ વ્હાલાં છે એ અમે બધાં જાણીએ છીએ. તેથી જ આ પત્ર આજરોજ આપને લખ્યો છે. આશા છે કે અમારાં અભિનંદન આપ સ્વીકારશો.

અમે ઘણુંાખરા રેંટીયા ફેરવીએ છીએ. અમારી મંડળીનો મોટો ભાગ ખાદીનાં કપડાં જ પહેરે છે. કેટલાક તો વિલાયતી ખાંડ ખાતા નથી. બીજા બધા દેશી કાપડનો ઉપયોગ કરે છે. અમને આવડે છે ને બને છે એ રીતે અમે ગામડાના લોકોની પ્રસંગોપાત દવા વગેરેથી સેવા ચાકરી કરીએ છીએ. અકસ્માતના પ્રસંગોએ પણ બનતી મદદ કરીએ છીએ. અમારી આ હીલચાલ ઉપર આપના આશીર્વાદ ઉતરે એવી અમે ઇચ્છા રાખીએ છીએ.

ભૂલચૂક માફ કરશોજી.

લિ. આપનો છોરૂ,

રામલાલ હરિલાલ પટેલ

નું પગેલાગણુ વાંચશોજી

[૨૬]

ગોવર્ધન વિલા–મલાડ,
તા. ૧૮–૧૦–૧૯૨૯

સુ૦ × × × × × કાકા,

તમારો કાગળ મળ્યો છે. નાનો ભાઇ હવે તો ખૂબ મજાનો થયો છે. જરા બોલતાં આવડે છે. હાસકાકા એને ખૂબખૂબ કસરત કરાવે છે. પેલી ઠેલાગાડી વગર હવે તો ભાઇસાહેબને ચાલતું જ નથી.

અને બગીચાની તો તમને શી વાત કહું ? ચોમાસુ હમણાં જ પુરૂં થયું એટલે શું રૂપાળો ખીલ્યો છે ! પેલાં કૃષ્ણકમળનાં ફૂલ તો હવે ઢગલાબંધ ઉતરે છે. બ્રાહ્મીની ક્યારડી તો બધી તાજાં તાજાં પાનાંથી ભરચક થઇ ગઇ છે. હવે તમારે જોઇએ એટલી મગાવ્યે જ જજો. હું ભાઇને ચૂંટીને આપીશ તે હાસકાકા કે ભાઇ તમને મોકલી આપશે. પપૈયા હમણાં બહુ નથી થતા, પણ સોનેરી કેળાંની લૂમેલૂમો ઉતરે છે.

હમણાં તો અજવાળીયું ચાલે છે. રેતીની બેઠકમાં હું રોજ હીંચકે ઝૂલવા જાઉં છું. પેલાં રજનીગંધાનાં ફૂલથી બધું મ્હેક મ્હેક થઈ રહે છે.

શેતુરડી ઉપર આ વેળા શેતુર પણ પુષ્કળ ઉતરશે એમ લાગે છે. હાલ તો નથી ઉતરતાં. ભીડાભાઈ તો એવા ફૂલ્યા ને ફાલ્યા છે કે હવે તો એ શાક ખાઇને પણ કંટાળ્યાં.

અલોકડીનાં પાનાં તો થોકબંધ ઉતરે છે. આખો બંગલો વાપરે છે તો ય ખૂટતાં જ નથી. ને પેલી ગળકીની, કારેલીની, અને કોળાની વેલો તો હવે બહુ જ સરસ થઈ છે. તુવેરોના છોડ પણ ઉગ્યા છે ને થોડા વખત પછી તેનો ફાલ આવશે. ચોળી ને પાપડી પણ ઉગી છે. શિયાળામાં ખાવાની મજા પડશે. ભાઇએ આ વેળા તો મૂળાનાં બી રોપી મૂળા પણ ઉગાડયા છે. મજાના થયા છે. પેલી કોથમીરની કયારીમાં કોથમીર તો બધી ઉભરાઈ જાય છે. રીંગણી ને મરચીના છોડ પણ ફક્કડ થયા છે. રાઇ ને વાલોળો પણ ઉગાડી છે. પાછલી ભીંતે ભૂરા કોળાનો વેલો એવો મોટો જામ્યો છે કે ખૂબ બધાં ભુરીયાં કોળાં ઉતરે છે. એનો શિયાળામાં પાક કરીશું. તમે ખાવા આવજો.

મારી નવી છબી દીવાળી પછી પડાવીશું ત્યારે ભાઈ મોકલશે. 'ડૉલી'ની મારી કવિતા હવે જલદી છાપજો. રમાની વાર્તા પણ છાપજો. બીજી નવી ચોપડીઓ છાપો ત્યારે મોકલાવજો.

સુમતિબહેન, દાસકાકા, ઉમેદમાશી, બધાં મજામાં છે. અમે બધાં શિયાળામાં એ બાજુ આવીશું. બામણુગામ, ઠીકરીયા, વડોદરા, બધે જવાનો વિચાર છે. ભાઇ પણ સાથે આવનાર છે. કંચનમાશીને બોલાવજો, ને નાની બચલીને મારી વતી રમાડજો. ધનંજયને માટે હું આવીશ ત્યારે બીજી છીપોલીઓ લેતી આવીશ.

લિ.

કમુનાં વંદન.

[૨૭]

વેજલપુર–ભરૂચ,

તા. ૧૦–૧૧–૧૯૨૯.

પ્રિય બહેન શકુંતલા,

તારો કાગળ મળ્યો. હા, હું વડોદરા જઈ આવી. કમાટી બાગ જોવા ગઈ હતી. તારી ઈચ્છા છે તો કમાટી-બાગની થોડીક હકીકત આ સાથે લખી મોકલું છું. જેવી આવડી એવી લખી છે. ઓછું વધતું લખાયું હોય કે કાંઇ ભૂલ–ભાલ હોય તો માફ કરજે.

બલુકાકા સાથે અમે ઘડીઆળી પોળમાંથી નીકળી પોળના નાકે આવ્યાં ને ત્યાંથી એક ભાડાની ગાડી કરી લીધી. ટાવરને રસ્તે થઈ બહુચરાજી ગયાં. ત્યાં માતાજીનાં દર્શન કર્યાં. જરા નીચે કુંડમાં કુંદડી ફર્યાં. અંદર પાણી જરા ય નથી. ત્યાંથી નીકળી જૂના સ્મશાનને વટાવી કામનાથ બાજુ ગયાં ને ત્યાં કમાટી બાગનો દરવાજો આવે છે તેમાં પેઠાં. ગાડીવાળાને વિદાય કર્યો.

પહેલાં તો બગીચાની સાચવણી કરનાર અમલદા-દારનો બંગલો ને તેમની કચેરી આવે છે. તેની નજીકથી જનાવરખાનું શરૂ થાય છે. એક નાનકડા જાળીવાળા ઘરમાં બે અજગર પૂરેલા છે. બપોરની વેળા હતી એટલે બંને નિરાંતે ઉંઘતા હતા. જાડા જાડા ને ખૂબ લાંબા એ બંને અજગરો જોવા જેવા છે. એક તો ત્યાં નજીકમાં કારેલી બાગમાંથી જ પકડાયો હતો.

સામી બાજુ જાળીવાળું મેદાન છે. તેમાં ચટાપટા-વાળાં આફ્રિકાનાં ઝીબ્રા ચરતાં હતાં. વળી આફ્રિકાનાં શાહામૃગ પણ ત્યાં છે. શાહમૃગનું એક બચ્ચુ તે એક ઈંડામાંથી બનાવટી ગરમી આપી ઇન્કયુબેટરવતી સેવાઇને જન્મ્યું હતું. આજની વિજ્ઞાનની શોધ શું નથી કરતી?

કહે છે કે પહેલાં કમાટી બાગમાં કંગારૂ હતાં. પણ ત્રણ વરસ પર આવેલી રેલમાં તણાઇ ગયાં એટલે તે તો હવે નથી. નાનાં નાનાં ગીની પીગ, સસલાં વગેરે જોવાની બહુ મજા આવતી હતી. એની પૂર્વ બાજુ એક ઘર છે. તેમાં ખડકના આકારની બેઠકો અને પાંજરાં કર્યાં છે. અંદર વાઘ, દીપડા, વરૂ, તરસ, વગેરે ફાડી ખાનારાં જ-નાવરો છે. અમે જોવા ગયા ત્યારે એક વાઘ પાંજરામાં ખૂબ આંટા મારતો હતો. બધા ઉંઘતા હતા. વાઘનાં પાંજરાં આગળ દુર્ગંધી તો એટલી બધી આવે કે માથું ફાટી જાય.

એની બાજુમાં એક રીંછ ને રીંછણનું પાંજરૂં છે. એક કુવા જેવું ઘર કરી ઉપર એક લાકડાની ઉભણી રીંછને રમવા માટે બનાવેલી છે.

એ બધું જોઇ અમે સામી બાજુ ગયાં. ત્યાં જાત-જાતનાં હરણ, સાબર, કાળીયાર મૃગ, વગેરે હતાં. સામી બાજુ મલાયાનું તાપીર નામનું જનાવર, જેને ગામડીયા લોકો જળહાથી કહે છે તે હતું. હરણની સામી બાજુ વિશાળ જગામાં મોટાં લોખંડી પાંજરાં બાંધ્યાં છે તેમાં સિંહ, સિંહણ, ને તેમનાં બચ્ચાંઓ રહે છે. કોઇ વાર સિંહ

વહેલે મળસ્કે ગર્જના કરે છે તે ઠેઠ શહેરમાં પણ સંભળાય છે.

એ સિંહના રહેઠાણની બાજુમાં જ વિશ્વામિત્રી નદી છે. અત્યારે તો પાણી જરાક અમથું છે. અમે બહાર આવી ઝૂલતા પૂલ ઉપર થઇ સામી બાજુ ગયાં. એ ઝૂલતો પૂલ એટલા માટે કહેવાય છે કે એને નીચે થાંભલા ખોડયા વગર માત્ર ઉપરથી થાંભલા મૂકી તારનાં દોરડાંની મદદથી બાંધ્યો છે.

સામી બાજુ બૅન્ડસ્ટૅન્ડની સુંદર જગા છે. આજુબાજુ સંખ્યાબંધ બાંકડાં છે. ચારે તરફ ગ્રીક પદ્ધતિનાં કાંસાનાં સુંદર પૂતળાં ઉભાં કરેલાં છે. અહીં મંગળવારે બૅન્ડ વાગે છે.

અમે ત્યાંથી પાછાં આવી મગરનું ઘર જોઇ આવ્યાં. એની નીચે શાહુડી ને બીજાં જનાવરો તથા વાંદરાં વગેરે છે. બાજુમાં ભુલભુલામણી છે. એમાં અંદર જઇએ અને બરાબર સંભાળ ન રાખીએ તો ગુંચવાઈ જવાય એવી છે. હોણુ સાલ તો એ સારી સ્થિતિમાં નથી.

એની આગળ હીંચકા ખાવાનો ઝૂલો છે. નજીકમાં વાંદરાંનાં પાંજરાં છે. એમાં દેશદેશનાં વાંદરાં છે. અમે સાથે ચણા ને મગફળી લઇ ગયાં હતાં. અમારા હાથમાંથી ખુશીથી વાંદરાં ચણા ને મગફળી લઈને ખાતાં હતાં. પહેલાં અહીં મેન્ડ્રીલ નામનો બહુ ઝનુની ને દેખાવડો વાંદરો આવ્યો હતો, પણ પછી એ મરી ગયો હતો.

ત્યાંથી નીકળી પાણીનાં જનાવરો, બતકો, બગલાં,

સારસ વગેરે જોઇ અમે ગ્રીષ્મભુવન જોવા ગયાં. પહેલાં એની બહુ માવજત લેવાતી. અત્યારે તો વેરાન હાલતમાં છે. બાજુમાં દેશદેશનાં પક્ષીઓનાં પાંજરાં છે. એમાં આફ્રિકાના રંગબેરંગી પોપટ ને કાકાકઉઆ ખાસ ધ્યાન ખેંચે એવા છે.

મુંબાઈના રાણીના બાગની જેમ આ બાગમાં રાજ-હંસ, ઑસ્ટ્રેલીયાના શ્યામ હંસ, કોયલ વગેરે આપણને બહુ જોવાનું મન થાય એવાં પક્ષીઓ ન જણાયાં.

પછી ત્યાંથી નીકળી સફેદ મકાનમાં જઈ ચિત્રો જોયાં. બહુ સુંદર ને જોવા લાયક છે. ત્યાંથી સંગ્રહસ્થાન જોયું. પછી આગલે દરવાજેથી બહાર આવ્યાં. બહારના દરવાજાની સામે અત્યારના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનું વિશાળ ઘોડેસ્વાર પૂતળું છે. ત્યાંથી મૉટરમાં બેસી ઘેર આવ્યાં.

વડોદરામાં બીજું પણ બહુ જોવા જેવું છે. તેની વાત કોઇ વાર હું અમદાવાદ આવીશ ત્યારે રૂબરૂમાં કરીશું.

સર્વને મારા પ્રણામ.

લિ. સ્નેહાધીન

વત્સલાના નમસ્કાર

[૨૮]

ધોરણ ત્રીજું–ટુકડી B
સુરત, તા. ૨૮–૬–૧૯૩૦

મે૦ હેડમાસ્તર સાહેબ,

× × × × × × હાઈસ્કૂલ, સુરત.

મુરબ્બી સાહેબ,

હું નીચે સહી કરનાર કીશોરલાલ હર્ષવદન પંડયાની નમ્રતાપૂર્વક વિનંતિ કે મારી નીચેની હકીકત કૃપા કરી સંભાળપૂર્વક વાંચી મને યોગ્ય ન્યાય આપી આભારી કરશોજી,

ચાલુ વર્ષે હું ત્રીજા ધોરણમાં પરીક્ષામાં બેઠો હતો, પણ કમનસીબે નપાસ થવાથી મને ઉપલા ધોરણમાં પ્રમોશન મળ્યું નથી, એટલું જ નહિ પણ મારી સ્થિતિ ગરીબ હોવાથી મારી ફ્રી શાળામાં લેવાતી તે પણ આવતા માસથી મારી પરીક્ષાની નિષ્ફળતાને લીધે નીકળી જશે એમ અમારા મુરબ્બી વર્ગશિક્ષકે મને ખબર આપી છે.

મારા પિતાશ્રી લાંબા વખતથી ગુજરી ગયા છે. અમને ગુજરાનનું કાંઇ પણ સાધન નથી. મારાં પૂજ્ય માતુશ્રી ભરતસીવણનું કામ કરીને તેમાંથી જે આવક થાય છે તે પર, તથા ઘરનો થોડોક ભાગ અમે ભાડે આપેલો છે તેના ભાડાની આવક ઉપર અમારૂં ગુજરાન ચાલે છે. આ રીતની અમારી આવક એટલી ઓછી હોય છે કે પૂરો રોટલાખર્ચ વગેરે પણ માંડમાંડ નીકળે છે. એક દયાળુ ગૃહસ્થે મને ચોપડીઓ અપાવેલી છે એટલે

મને અભ્યાસનું સાધન મળી ગયું છે. આપશ્રીએ કૃપા કરી મારી ફી માફ કરી હતી એટલે ભણવાનો ખાસ ખર્ચ નહોતો.

છેલ્લા સાત–આઠ માસથી મારાં માતુશ્રી સખત બીમાર છે. એમને ખાંસીનો હઠીલો રોગ મટતો જ નથી. શરીર તદ્દન કંતાઈને સુકાઈ ગયું છે. સરકારી દવાખાનાના ડૉકટરનું કહેવું એમ છે કે જો પૂરતી સંભાળ નહિ લેવાય તો ફેફસામાં બગાડ હોવાથી વખતે ક્ષયરોગની પણ શરૂઆત થાય.

આ ત્રાસજનક સંજોગોમાં ઘરના કામકાજનો મોટો બોજો મારે ઉપાડવો પડતો હતો. રસોઈપાણીનું કામ પણ મારે કરવું પડે છે. વળી પરીક્ષાના દિવસોમાં તો મારાં માતુશ્રીની તબીયત ઘણી જ ખરાબ ચાલતી હતી એટલે મારો બધો વખત એમની સારવારમાં જ જતો. રાતના ઉજાગરા પણ થતા હતા. આ બધી અગવડોને લીધે હું કમનસીબે અભ્યાસમાં પૂરતું ધ્યાન રાખી શકયો નહોતો. મારા નપાસ થવાનું ખરૂં કારણ આ છે.

મારે જો ફી ભરવાની થશે તો અમારા ગરીબ કુટુંબની અત્યારની પારાવાર મુશ્કેલીઓમાં મોટો વધારો થશે. અમારી અત્યારની ભૂખમરાની સ્થિતિ વધારે ખરાબ થઇ અભ્યાસ ચાલુ રાખવો કે કેમ એ સવાલ મારે માટે ઉભો થશે.

મારી પાછળની કારકીર્દી તપાસી જોવા મારી નમ્ર અરજ છે. અંગ્રેજી પહેલા ધોરણમાં હું ત્રીજે નંબરે અને

બીજા ધોરણમાં પહેલે નંબરે પસાર થયો છું ને મને તે માટે ઈનામો પણ મળ્યાં છે. આ વર્ષની મારી નિષ્ફળતા મારા આળસ કે બેદરકારીથી ઉભી થઇ નથી, પણ આ કાગળમાં દર્શાવેલાં કારણોને લીધે થઇ છે.

માટે આ બધી હકીકત ધ્યાનમાં લઇ આપશ્રી મારી ફીની માફી ચાલુ રહે એવો હુકમ કરવા તસ્દી લેશોજી.

લિ. આજ્ઞાંકિત સેવક

કીશોરલાલ હર્ષવદન પંડયા.

*　　　*　　　*

રવાના, મે. માસ્તર સાહેબ, ધોરણ ત્રીજું, ટુકડી B ની મારફત. તા. ૨૮–૬–૧૯૩૦

કી. હ. પંડયા.

[૨૯]

ગુંગડી દરવાજા,
પાટણ, તા. ૨૯–૫–૩૧

મુ. તંત્રી, બાલોદ્યાન,

સવિનય જણાવવાનું કે અમે આ મહિનામાં મહારાષ્ટ્રની જોવાજેવી જગાઓની મુસાફરીએ ગયા હતા. તે પૈકી ઇતિહાસપ્રસિદ્ધ પન્હાળાના કિલ્લાની મુસાફરીનું વર્ણન આપના માસિક માટે આ સાથે મેં લખી મોકલ્યું છે. એ આપના હવે પછીના કોઇ અંકમાં બનતી ઉતાવળે (યોગ્ય લાગે તો) છાપવા વિનંતિ છે.

અંદર ભૂલચૂક હોય તે સુધારી લઇ આભારી કરશોજી.

સદર લેખ જે અંકમાં છપાય તે અંકની એક નકલ મને મારા ઉપરના ઠેકાણે મોકલી આપશો.

આ સાથે એક આનાની ટીકીટ બીડી છે. જો આ લેખ આપને ઠીક ન લાગે તો પાછો મોકલી આપશો. જો રાખો તો તેવો પણ જવાબ આપશો તો આભાર થશે.

મારી ઉંમર ૧૭ વર્ષની છે. આવી રીતે લેખ છપાવવા મોકલવાનો આ મારો પહેલો પ્રયત્ન છે. મને ઉત્તેજન મળશે તો હું આ જાતની વિશેષ સેવા કરવા શક્તિમાન થઇશ.

લિ. આપનો

ભરતકુમાર સદાનંદ મહીશેરી

ના સવિનય પ્રણામ.

[૩૦]

લીલાવંતી સેનીટેરીયમ

બ્લોક નં. ૭, દેવલાલી

બળેવ : સં. ૧૯૮૬.

સુ. વિનુભાઇ.

આજે બળેવના શુભ પર્વના રોજ તમને આ સાથે રાખડી મોકલી આપું છું. દર વર્ષની જેમ આ વર્ષે મારી જાતે જ એ રક્ષા તમારે હાથે બાંધવાની મને ઉમેદ હતી. પણ આ વર્ષે એમ ન બની શકયું.

તમને જાણીને સંતોષ થશે કે એ રક્ષા મેં મારી હાથે તકલીપર કાંતેલા સુતરની બનાવી છે. એને કેસરમાં રંગેલી છે. એ પૂરેપૂરી શુદ્ધ સ્વદેશી છે, અને તમને એટલા ખાતર એ વધારે ગમશે એમ આશા છે.

અહીંની સૂકી ખુશનુમા હવાની અસર મને હવે બહુ સારી રીતે જણાય છે. મારી માંદગી તો કોણ જાણે ક્યાંય ચાલી ગઇ છે. સહેજસાજ અશક્તિ છે તે પણ હવે જલદી મટી જશે એમ લાગે છે. અભ્યાસ ધીમે ધીમે પાછો શરૂ કર્યો છે. વજનમાં પણ છેલ્લા ૧૫ દિવસમાં બે રતલનો વધારો થયો છે.

હવે પંદર વીસ દિવસમાં પાછા ફરવાનો વિચાર છે. આવતા અગાઉ નાસીક, ત્ર્યંબક, બધે જઇ આવવા ધાર્યું છે.

લિ. ઉર્મિલાના પ્રણામ.

[૩૧]

વોડ બંદર રોડ
મલાડ, તા. ૫-૬-૧૯૩૧.

મુ. હેડમાસ્તર સાહેબ,

શેઠ આનંદીલાલ પોદ્દાર હાઈ સ્કૂલ, **સાંતાક્રુઝ.**

સવિનય લખવાનું કે અંગ્રેજી ત્રીજા ધોરણમાં હું આ વર્ષે પહેલા નંબરે પસાર થવાથી મને રૂા. ૭-૦-૦ સાતનું ઇનામ મળવાનું આપના તરફથી જાહેર થયું છે. સદર રકમમાંથી મને જે ચોપડીઓ જોઈતી હોય તેની

ચાહી મોકલી આપવા અમારા શિક્ષક મહાશયની સૂચના થવાથી નીચે મુજબ ચોપડીઓનાં નામો મોકલું છું.

(૧) જોડણી કોશ (ગુજરાત વિદ્યાપીઠનો) ૪–૦–૦
(૨) ટચુકડી સો વાતો ભાગ ૧. .... ૧–૪–૦
(૩) સાચો શ્રમજીવી (ટૉલ્સ્ટૉય) ૦–૨–૦
(૪) બાલવિજ્ઞાન (સૌ. વિમળા સેતલવાડ કૃત) ૧–૮–૦
(૫) ગાંધીજી (જુગતરામ દવે) ૦–૨–૦

રૂા. ૭–૦–૦

ઉપર મુજબ સાત રૂપિયાની કિંમતની ચોપડીઓ મને મળે એવી મારી વિનંતિ છે.

ભૂલચૂક માફ કરશોજી.

લિ.

રમાગવરી ર. દલાલના નમસ્કાર

[૩૨]

પટેલ બીલ્ડીંગ–અર્દેસર દાદી સ્ટ્રીટ,
મુંબાઇ, તા. ૩૦–૫–૧૯૩૧.

સુ. મોટા ભાઇ,

તમે મૅટ્રિકની પરીક્ષામાં પ્રભુ કૃપાથી પસાર થયા છો એ જણાવતાં મને બહુ જ આનંદ થાય છે. કેસરીસિંહે ગઇ કાલે બપોરે ૧૨–૧૫ વાગે એસ્પ્લેનેડ પોસ્ટ ઑફિસમાંથી તમને તાર મૂકેલો તે વેળાસર મળી ગયો હશે એવી આશા છે.

હવે તો આ બળેવ ઉપર મારો બેવડો હક્ક. તમે બધાં ભીજબાંની ઉડાવશો એમાં હું અહીં છું એટલે ભાગ લઈ શકું એમ નથી, એટલે તેનો બદલો હું તો બળેવ ઉપર લેવાની-જરૂર લેવાની.

લિ.

સરલાનાં વંદન.

[૩૩]

સારંગપુર–તળીયાની પોળ,

અમદાવાદ–તા. ૧૦–૬–૧૯૩૧

શ્રી. મંત્રી,

શ્રી રૈકવ વિદ્યોત્તેજક મંડળ,

અમદાવાદ.

મુરબ્બીશ્રી,

આપણા મંડળ તરફથી સંગીતની હરીફાઈમાં મને રૂા. પાંચનું પહેલું ઇનામ મળ્યું છે તે ઇનામની રકમ હું બહારગામ હોવાથી રૂબરૂ લેવા આવી શકું એમ નથી. એટલે તે રકમ મારી વતી મારી બહેન સુરબાળાને આપવા કૃપા કરશોજી.

સદર રકમ હું આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને શાળોપયોગી પુસ્તકો આપવાના ફંડમાં મારી વતી આપી દેવા ઇચ્છું છું, એટલે એ રકમ બહેન સુરબાળા આપને પાછી આપશે તે સ્વીકારી મને તે રકમની પહોંચ મોકલશોજી.

લિ. આજ્ઞાંકિત,

મધુસુદન હરિપ્રસાદ ભટ્ટ

ના સવિનય પ્રણામ.

કાગળ કેમ લખશો ?

પ્રિય બાલમિત્રો ! તમારામાંનાં ઘણાંને ઘણી વેળા ચીઠ્ઠી કે કાગળ લખવાના પ્રસંગો આવે છે. કેટલાંકને મન એ નજીવી વાત હોય છે. જે લખવું હોય છે તે સહેલાઈથી લખી નાખે છે. કેટલાકને મન કાગળ લખવો અઘરૂં ને કંટાળાભરેલું કામ થઈ પડે છે. કાગળ બરાબર કેમ લખવો એટલું તેઓ સમજી જાય તો એ કામમાં મજા પડે.

આ અગાઉ તમને જૂદા જૂદા પ્રસંગે કાગળો જૂદાં જૂદાં માણસોને જૂદા જૂદા સંજોગોમાં લખવા પડે તો કેમ લખવા તેના થોડા નમૂના આપ્યા છે. તે બરાબર ધ્યાનથી વાંચી જશો તો કાગળો કેમ લખવા તે સહેલાઇથી આવડશે.

થોડીક સૂચનાઓ કરૂં છું તે ઉપર ધ્યાન રાખજો. પહેલાં તો કાગળ લખવા બેસો ત્યારે કેમ બેસશો તે સમજી લો. કમરમાંથી વાંકા વળી સીસાપેન મ્હોંમાં આખો વખત પલાળી છેક આંખની નજીક કાગળ રાખીને છેકછાક કરીને લખવું એ કાગળ લખવાની ખરાબ પદ્ધતિ છે.

જો ઘરમાં ખુરસી ને મેજ હોય તો ખુરશી ઉપર બરાબર ટટાર બેસો. પછી મેજ (ટેબલ) ઉપર તમે જે કાગળ ઉપર લખવા ઇચ્છતા હો તે કાગળ તળે સુંવાળો લીસો કાગળનો થોકડો કે ચોપડી મૂકી કાગળથી બરાબર આઠથી બાર ઇંચ જેટલી દૂર આંખ રહે તેમ બેસી કાગળ લખવો શરૂ કરો.

મને તો લાગે છે કે સીસાપેનથી લખવું તેના કરતાં સાહીથી લખવાની ટેવ પડે તો સારૂં. કાળી કે ભુરી સાહી વતી કલમ કે હોલ્ડરવતી લખો તે વધારે સારૂં છે. લખવામાં ઘણાને નવ નંબરની સ્ટીલ, પીત્તળની રીલીફ પેન, કે પાતળા અક્ષર માટે રેડ ઇન્ક પેન વાપરવી ઠીક પડે છે. હોલ્ડર વાપરો તો જાડાં લાકડાંવાળાં વાપરવાં, કારણ તેથી લખતાં લખતાં હાથનાં આંગળાંને ઓછી મહેનત પડશે. ફાઉન્ટન પેન વતી લખવાથી સૌથી વધારે સરળતા પડે છે.

સીસાપેનથી લખો તો સાધારણ કાળી H. B. ની વાપરવી. જોઇએ તો તદ્દન નરમ વાપરવી. પણ ડ્રૉઈંગના કામ સિવાય કઠણ સીસાપેન ન વાપરવી. સીસાપેનની અણી મ્હોંમાં નાખવાની ગંદી ટેવ કદી પાડશો નહિ.

સાહીથી લખો તો જે કાગળ ઉપર લખો તે કાગળ સ્વચ્છ અને ફુટી ન નીકળે એવો હોવો જોઇએ. જો બહુ લાંબો કાગળ ન હોય તો માત્ર એક જ બાજુ લખવું સારૂં છે. લીટી વાળો કાગળ હોય તો વધારે સારૂ. એ ન હોય તો છેક ગીચ ન લખતાં દરેક લીટી વચ્ચે જગા રાખી દરેક શબ્દ વચ્ચે સરખું અંતર રાખી લખવાની ટેવ પાડવી. ઘણાં બાળકોને જ્યાં ત્યાં પૂર્ણવિરામ મૂકવાનો શોખ હોય છે. કેટલાકને બિલકુલ પૂર્ણવિરામનું ચિન્હ મૂકવાની ગરજ નથી હોતી. બંને રીત ખોટી છે. નાનપણથી જ યોગ્ય જગાએ વિરામ ચિહ્નો મૂકીને લખવાની ટેવ પડે એ ઈચ્છવાજોગ છે.

કાગળ લખવા અગાઉ મથાળે જમણી બાજુ તમારૂં પૂરેપૂરૂં સરનામું લખવું જોઇએ. તથા કાગળ લખ્યાની તારીખ કે મિતિ નાખવી જોઈએ. ઘણા મોટા ને સારી કેળવણી પામેલાં માણુસો પણ આ અગત્યની વાત ભૂલી જાય છે.

ઉપર મુજબ ઠેકાણું ને તારીખ લખ્યા પછી જેમને કાગળ લખવો હોય તેમનું નામ લખવું જોઇએ. વડીલ હોય તો તેમને મુરબ્બી, સરખે સરખા હોય તો પ્રિય ભાઈ કે બહેન, અને નાનો ભાઈ કે નાની બેન હોય તો ચિ. ભાઈ કે બહેન એ રીતે લખવું. જૂના વખતની જેમ બહુ લાંબાં લાંબાં મથાળાં આજના વખતમાં કોઇ લખતું નથી. બાને કાગળ લખવો હોય તો 'વહાલી બા,' 'મુર-બ્બી માતુશ્રી,' 'પૂજ્ય માજી,' એમ લખાય. બાપને લખવો હોય તો મુરબ્બી કે પૂજ્ય પિતાજી એમ લખાય. મોટાં ભાઈ બહેન હોય તો મુ. મોટી બહેન કે ભાઇ એમ લખાય. બીજાને કેવાં મથાળાં કરી કાગળ લખવો તે નમૂનાના કાગળોમાં જોઈ શકાશે.

ઉપર મુજબ મથાળું કાગળને થોડોક હાંસીયો (માર્જીન) રાખીને કરવું. પછી જે લખવું હોય તે લખવું. લખીને આખો વખત છેકછાક કરવી તેના કરતાં પહેલાંથી મનમાં લખવાનું વાક્ય નક્કી કરી પછી લખવા માંડવું. વિના કારણ કાગળ લાંબો ન કરવો, અથવા કોઇની આ-ગળ આપણે મીરજી છીએ એમ જણાય એવો ટૂંકો ને તોછડો કાગળ ન લખવો. અનુકુળ જગાએ પેરા પાડવા. તેથી કાગળની શોભા વધે છે, ને વાંચનારને સુગમ પડે

છે. કાગળ લખી રહ્યા પછી તળે અનુકૂળ લખાણ લખી પોતાની સહી કરવી. ગુજરાતી ભાષામાં લખેલા કાગળ ઉપર અંગ્રેજીમાં સાહી કરવાની હલકટ ટેવ કદી ન રાખવી. તમારી માતૃભાષામાં કાગળ તળે તમારૂં નામ ગૂજરાતીમાં મૂકતાં તમને શરમ આવ એ ભારે દીલગીરી ભરેલું ગણાય. કોઈ ખૂબ મોટા માણસને પણ તમે એમ અંગ્રેજીમાં સાહી કરતો જુઓ તો પણ તેથી તમારે અંજાઇ ન જવું. એ કાંઇ એની મોટાઇનું લક્ષણ નથી.

કાગળ લખી તેને પરબીડીયામાં સરખી ઘડી વાળી બીડવો. પાણી વતી તેને ગુંદરવાળા ભાગ આગળથી ચોંટાડી દઇ બંધ કરવું. પાકીટ ઉપર જેમને કાગળ મોકલવો હોય તેમનું ખૂબ ચોકખા ને મોટા અક્ષરે સાહીથી પૂરેપૂરૂં નામ, ઠેકાણું, ગામ, પોસ્ટ, જીલ્લો વગેરે લખવું. મુંબાઈ ઇલાકા બહાર કાગળ લખનારે સરનામું બને તો અંગ્રેજીમાં કોઇકની પાસે કરાવી લેવું ઠીક છે. પરબીડીયાની ડાબી બાજુ ઝીણા અક્ષરથી મોકલનાર તરીકે આપણું સરનામું લખવા હરકત નથી. પરબીડીયાની જમણી બાજુ મથાળે ખાનગી પાકીટ હોય તો એક આનાની ટપાલની ટીકીટ લગાડવી. ટપાલ ઑફિસમાંથી પાકીટ લીધું હોય તો ટીકીટ લગાડવી ન પડે. પાકીટની પાછળની બાજુ ટીકીટ લગાડવાની પદ્ધતિ બરાબર નથી. હિંદુસ્તાન બહાર બ્રીટીશ મહારાજ્યમાં કાગળ ઉપર બે આનાની અને બ્રીટીશ સિવાયના મુલકોમાં (દાખલા તરીકે જાવા, જર્મની, ફ્રાન્સ, યુનાઇટેડ સ્ટેટસ) ૩ આનાની ટીકીટ લગાડવી પડે છે.

સમાપ્ત

પૂઠું છાપનારઃ શ્રી સયાજીવિજય પ્રેસ-વડોદરા